Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૪.

અંક ૩ જો. | તા. ૧-૧૧-૪૮ | આસો



વાર્ષિક લવાજમ રૂા. ૩-૭-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરિ સ્તુતિ ... ... | ( ર૦ છo સુરડાવાલા ) | ૪૧ |
| ૨ | નવપદ ઓળીનું સ્તવન ... ... | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૪૨ |
| ૩ | દિવાળીનું સ્તવન | | |
| ૪ | વિચારશ્રેણી .. ... ... ... | ( સ્વે આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૪૩ |
| ૫ | યુગપ્રધાન જગદ્ગુરૂ વિજયહીરસૂરિજી | ( મુનિરાજ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૪૬ |
| ૬ | ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... | ( લે. મૈક્તિક ) | ૪૭ |
| ૭ | અનેકાન્તની અંદર સપ્ત ભંગીની ઉપપત્તિ ... ... | ( લે. સન્માર્ગ ઇચ્છક ) | ૪૯ |
| ૮ | ત્યાગનું સ્વરૂપ ... ... ... ... ... | ( 'અભ્યાસી' બી. એ ) | ૫૧ |
| ૯ | સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના ... ... ... | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૫૨ |
| ૧૦ | આત્મ સાધના ... ... ... | ( અમરચંદ માવજી શાહ—ભાવનગર ) | ૫૭ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૫૮ |
| ૧૨ | સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... | ( સભા ) | ૫૯ |


## આ સભામાં નવા થયેલા માનવંતા આજીવન સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | ભાવસાર નાગરદાસ છગનલાલ | (૧) વર્ગ | ધંધુકા |
| ૨ | શેઠ ફુલભાઈ ભુદરદાસ વકીલ | ,, ,, | મુંબઈ |
| ૩ | શ્રી નીતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ | ,, ,, | ખંભાત |
| ૪ | શેઠ ભોગીલાલ નગીનદાસ | ,, ,, | ઊંઝા |
| ૫ | શેઠ ઇશ્વરલાલ ગુલાબચંદ | ,, ,, | માટુંગા |
| ૬ | શાહ કાંતિલાલ વૃજલાલ દલાલ | ,, ,, | ભાવનગર |



## શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫ )

કર્તા શ્રીમાન **શ્રી સંઘદાસગણિ**, સંશોધનકાર મહાત્મા સાક્ષારવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજ, અનુવાદક, ભાષાશાસ્ત્રી અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે. સાંડેસરા એમ. એ. આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઉચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ ( પાંચમા સૈકામાં પ્રથમ લખાયેલ )

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરોત્તમ રાજેશ્રી આનંદશંકરભાઇ બાપુભાઇ ધ્રુવે આ સભા આવી પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તેમજ જૈન વિદ્વાનત્યાગી મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશંસનીય ઇતિહાસિક કથા સાહિત્યનો અનુપમ ગ્રંથ તેમજ જેની જૈન દર્શનમાં અનેક સ્થળે સાદતો આપવામાં આવેલ છે. આ અપૂર્વ ગ્રંથ જેની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી.

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને મોટી સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીક રહેલ છે, તે ગ્રંથ **સિરિઝનો** હોવાથી તે **સિરિઝના** ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તેમાંથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કાર્ય સભાને કરવાનું હોય છે. ઉપરોક્ત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરેને ભેટ જતાં અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ. ૧૨ાા ને બદલે હવે સિલિક રહેલ બુકોની દરેકની રૂ ૧૫) કિંમત લેવા ઠરાવેલ છે. જેથી તે પૂર્ણ થતાં તરતજ તે બંધુના સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૪. | આસો | પુસ્તક ૪૬ મું. |
| વિક્રમ સં. ૨૦૦૪. | :: તા. ૧ લી નવેમ્બર ૧૯૪૮ :: | અંક ૩ જો |

## *પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરિ સ્તુતિ.

( દેશી–સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ )

વલ્લભસૂરિ મહારાજા, વંદું તમને વારંવાર. વંદું૦ એ ટેક.
અમૃતસરથી આપ વિચરતા, ગામ નગરને પાવન કરતા; કરતા જન ઉપકાર. વંદું૦ ૧
બિકાનેર શ્રાવકની સારી, આગ્રહભરી એ અર્જ સ્વીકારી; આવ્યા છો આવાર. વંદું૦ ૨
પંજાબે દશ વર્ષ વિતાવી, જિનશાસનનો ધ્વજ ફરકાવી; વર્તાવ્યો જયકાર. વંદું૦ ૩
ગુર્જર દેશતણાં નરનારી, વિરહ વેદના સહે. અપારી; ઝંખે પારાવાર. વંદું૦ ૪
ક્યારે ગુરુનાં દર્શન કરશું, વંદન કરી નિજ આપને હરશું; હરશું વિપદ હજાર. વંદું૦ ૫
ગુરુ આણાને શિર પર ધરશું, ભક્તિતણા ભંડારજ ભરશું; તે દિન આનંદકાર. વંદું૦ ૬
અરજી દાસતણી અવધારી, કરુણા રસનાં નયન પ્રસારી; આવો દીનદયાળ. વંદું૦ ૭
અંતરની આશાઓ ફળશે, સુખશાંતિ ને આનંદ મળશે; મળશે લાભ અપાર. વંદું૦ ૮
સંવત દોય હજાર ને ચારે, જેઠ વદી સાતમ [1]શશિવારે; વદે વિયોગી બાળ. વંદું૦ ૯

**ઝ૦ છ૦ સુરવાડાવાલા**

---

* આ સ્તુતિ આ. મા. અમૃતસરથી શિષ્યમંડળી સાથે વિહાર કરી બિકાનેર પધાર્યા ત્યારે ગુજરાતના ભક્તજનોને ઉદ્દેશી વિનંતીરૂપે કરવામાં આવેલ છે.

૧ સોમવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદ ઓળીનું સ્તવન.

( નાગરવેલીઓ રોપાવ–એ રાગ. )

નવપદનું ધ્યાન લગાવ, તારા ચિત્ત મંદિરમાં;
ભાવે સિદ્ધચક્રને પધરાવ, તારા ચિત્ત મંદિરમાં–ટેક.
મયણા–શ્રીપાળ પેઠે નરનાર, નવપદ ઓળી કરીએ સાર;
તપ આગમનો પ્રભાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૧
સુદ સાતમથી પુનમ ખાસ, આસો ચૈતર બે માસ;
આયંબિલ તપનો લેજો લ્હાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૨
નવપદની કરો ભાવે સેવા, આપે અવિચલ સુખના મેવા;
આનંદ મંગલ પ્રગટાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૩
તપ કરીએ શુભ ભાવથી, દુઃખ દોહગ નાવે જેહથી;
**અજિત** પ્રભુના ગુણો ગાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૪
દેવગુરુની ભક્તિ કરતા, અંતરમાં શુભ ધ્યાન ધરતા;
**લક્ષ્મીસાગર** ભાવ જગાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૫

રચયિતાઃ—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

---

# દિવાળીનું સ્તવન

( રાગ–દિવાળી ફીર આ ગઇ સજની )

**દિવાળી** જિનદેવની ઊજવો, હાંહાં જ્ઞાનદીપક પ્રગટાવી દિવાળી–ટેક.
**મહાવીર** પ્રભુ નિર્વાણ પધાર્યા, અંતિમ બોધને આપી,
ભાવોદ્યોત મેળવવા માટે, શુભ વૃત્તિ ઉર સ્થાપી;
દીપક જ્યોતિ ઘરઘર પ્રગટી, મહાવીર નામ ગજાવો. દિવાળી૦ ૧
**કેવળજ્ઞાને** ગૌતમ શોભ્યા, પ્રભાતકેરા ટાણે,
પ્રભુપદ સ્થાને ઇન્દ્રો સ્થાપે, દીપાવલી શુભ વ્હાણે;
**પાવાપુરી** મહિમાવન્તી, તીર્થભૂમિ એ મનાવો. દિવાળી૦ ૨
ઉત્તમ એ દિન ઊજવો ભાવે, ઉજ્જવલ વૃત્તિ ધારી,
**અજિત** જિનેશ્વરકેરાં સ્મરણો, ભવિજનને સુખકારી;
**લક્ષ્મીસાગર** જ્ઞાનપિપાસુ, લેજો ભવિ દિવ્ય લ્હાવો. દિવાળી૦ ૩

રચયિતાઃ—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી

લેખક:–આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

વૈષયિક વૃત્તિઓ પોષવાના ઇરાદાથી દેહને વાપરવા આત્માએ પોતાનું કિંમતી માનવ જીવન ન આપતાં પોતાની જ્ઞાનાદિ સંપત્તિ મેળવવા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ.

દેહાધ્યાસી જીવ માને છે કે–દરેક જીવનમાં દેહને બીજા દેહે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી પડે છે માટે જ તે પોતે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી નહિ પડે એમ જાણીને જ નિઃસંકોચપણે વધારે અપરાધો કરે છે. એ જ માનવીની અજ્ઞાનતા છે, કારણ કે દેહ તો જડ છે, તે અપરાધ કરવામાં અને સજા ભોગવવામાં નિમિત્ત માત્ર છે; પણ કર્તા તથા ભોક્તા તો જીવ છે કે જેનો નાશ નથી થતો અને અજ્ઞાનતાથી અસહ્ય અનંતા દુઃખ અનંતા ભવમાં ભટકીને ભોગવી રહ્યો છે.

જ્યાં સુધી તમે દેહદ્વારા અપરાધો કરવાથી અટકશો નહિ ત્યાં સુધી તમે કર્મોની પરાધીનતામાંથી છૂટશો નહિં.

વર્તમાન માનવ દેહથી થયેલા અપરાધોની સજા વર્તમાન દેહથી જ ભોગવી લેજો, પણ નિરપરાધી ભાવી જીવનના દેહને સજાનું પાત્ર બનાવશો નહિ. નહિં તો અન્યાયી બની શુદ્ધાત્માઓની પંક્તિમાં બેસવાનો અધિકાર ખોઇ બેસશો.

કોઇપણ વસ્તુ કે વ્યક્તિની પ્રકૃતિ ન ગમે તો દિશા બદલો, પણ અણગમાથી મનને શોક–સંતાપવાળું બનાવશો નહિં.

જીવનમાં ઉપયોગી અને સંબંધ ધરાવનાર બાબતો અને પ્રસંગો માટે જ તરદી લેશો, પણ પારકી અને નિરુપયોગી બાબતો અને પ્રસંગોના સંકલ્પ કરીને મનને દુભવશો નહિં.

સ્વાર્થીપણે સહવાસ કરવાની ઇચ્છા રાખનાર હલકા હૃદયવાળાને ખોટું લાગવાનો ભય છોડી દઇને ચોખ્ખી ના પાડશો તો જ નિશ્ચિંત જીવી શકશો, નહિં તો જીવન ચિંતા, શોક તથા ઉદ્વેગવાળું બનાવશો.

નબળા માણસોના વાણી, વિચાર તથા વર્તનનો વિરોધ કરીને તેની દાક્ષિણ્યતા ન રાખતાં તેના સહવાસથી વેગળા રહેશો તો જ સુખે જીવીને શ્રેય સાધી શકશો, નહિં તો કિંમતી જીવન કોડીનું બનાવશો.

અપરાધીઓનું માનસ અપરાધોથી મેલું હોવાથી બીજાના મનને ઊજળું બનાવી જીવન નિરપરાધી બનાવી શકાતું નથી તો યે તેઓ નિરપરાધી બનાવવાનો ડોળ કરી અજ્ઞ જનતાને ઠગે છે.

પોતાનું જીવન બીજાને આદરણીય બનાવી શકાય તેવા મહાપુરુષોના સહવાસની ઇચ્છા રાખવી.

તુચ્છ હૃદયવાળા હલકા માણસના પડછાયામાં પણ તુચ્છતા તથા હલકાઇ રહેલી છે, તે જો દેહ ઉપર પડી જાય તો પણ જીવન તુચ્છ તથા હલકું બનાવે છે, માટે ઉત્તમ જીવન જીવનારે તેનો પડછાયો પણ પોતાના દેહ ઉપર ન પડવા દેવો જોઇએ, તો પછી તેવાનો સહવાસ જ ક્યાંથી હોઇ શકે ?

ખોટું ન લગાડવાની દાક્ષિણ્યતાથી હલકા માણસના વિચાર તથા વર્તનનો આદર કરવો તે આપત્તિ-વિપત્તિને નોતરવા જેવું છે.

ક્ષુદ્ર માણસોનું માનસ ક્ષુદ્ર હોવાથી સહવાસીના જીવનને ક્ષુદ્ર બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસ્પર અણુગમતું વર્તન સ્નેહની સાંકળના અંકોડાને છૂટા પાડે છે.

જે હૃદયને ન ગમે તેની ઉપેક્ષા કરવામાં જ શાંતિ છે, છતાં દાક્ષિણ્યતાથી સ્વીકારશો તો મનમાં કચવાટ રહ્યા કરશે.

અસ્થિર મનવાળા હૃદયવિહોણા હોય છે. તેમના સ્નેહમાં શ્રદ્ધા રાખનાર પરિણામે કલેશ તથા સંતાપનું પાત્ર બને છે.

સાચો પ્રેમ હોય તો પાષાણની પ્રતિમા પણ પ્રભુ સ્વરૂપે જણાય છે અને સ્વાર્થગર્ભિત ડોળ માત્ર હોય તો સાક્ષાત્ પ્રભુ પણ તુચ્છ ભાસે છે.

સ્વ-પરના કલ્યાણની સાચી કામનાથી કર્તવ્ય-પરાયણની અકર્મણ્યપણે કડવી ટીકા કરવી તે ક્ષુદ્રાત્માનું લક્ષણ છે.

દેશ કાળના જાણ સમર્થ મહાપુરુષોના હિતાવહ વચનોમાં દોષ બતાવી જનતામાં પંડિતાઇનું મિથ્યાભિમાન રાખનાર મૂર્ખશિરોમણી હોય છે; માટે શ્રેયાર્થી પુરુષો એવાના કથનમાં વિશ્વાસ રાખતા નથી.

તમને ગમતું પોતાને ન મળે પણ બીજાને મળે તો અદેખાઇથી દુઃખી થઇને વખોડશો નહિ; પણ પ્રસન્ન ચિત્તથી વખાણશો.

તમે પોતે જીવવાને માટે કાળજી રાખી જેટલો પ્રયાસ કરો છો તેટલો જ કાળજીપૂર્વક બીજાને જીવાડવાને પ્રયાસ કરશો તો જ તમારી ધારણા પાર પડશે; કારણ કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવને પણ પોતાનું જીવન પ્રિય હોવાથી તે તેને છોડવું ગમતું નથી.

શરીરને રૂપાળું તથા સુંદર-આકર્ષક બનાવવાને જેટલા પ્રેમથી વસ્ત્ર-ઘરેણાં આદિ જડ વસ્તુઓને ચાહો છો તેટલા જ પ્રેમથી આત્માને સુંદર-રૂપાળો અને આકર્ષક બનાવવાને માટે જો પરમ પવિત્ર શુદ્ધાત્માને ચાહો તો તમે સાચી રીતે સુંદરતા આદિ મેળવી શકશો.

પારકું ઉછીનું લઇને બીજાને આપવા કરતાં તમે અનુભવજન્ય થોડુંક પણ પોતાનું આપશો તો સ્વ-પરનું કલ્યાણ સારી રીતે કરી શકશો, કારણ કે પારકી વસ્તુને પોતાની જણાવનારમાં મિથ્યાભિમાન તથા વાસના પોષવાની લાલસા હોવાથી શ્રેય કરી શકતો નથી.

જનતાને અણસમજુ સમજીને જ કેટલાક બુદ્ધિમત્તા તથા જાણપણાનું મિથ્યાભિમાન પોષવા માટે નિષ્ક્રિયપણે કેવળ બોલવામાં અને લખવામાં પોતાનું ડહાપણ બતાવે છે, પણ જ્યાં સુધી તેઓ બોલેલું કે લખેલું વર્તનમાં નથી મૂકતા ત્યાં સુધી તેમનામાં ડહાપણનો અંશ પણ હોતો નથી; કારણ કે તેમની પ્રવૃત્તિથી સરળ માણસો એમના માર્ગથી વંચિત રહે છે.

જો તમારું બોલવું અને લખવું સારું અને સાચું હોય તો તમે તે પ્રમાણે વર્તીને સારું ફળ મેળવી બતાવો એટલે જનતા પોતાની મેળે જ તમારા બોલ્યા વગર પણ તમારું અનુકરણ કરશે.

મળતી પ્રકૃતિવાળાની જ હૃદયભૂમિમાં સ્નેહના બીજ વાવશો તો ઊગી નીકળશે અને આનંદ તથા સુખનાં સુગંધી તથા મધુર પુષ્પ તથા ફળ આપશે. નીરાગી હૃદયમાં ' મારું કોઇ નથી 'ની ભાવના પરમ શાંતિ-સંતોષ આપનારી હોય છે, ત્યારે રાગી હૃદયમાં ' મારું કોઇ નથી ? 'ની ભાવના પરમ દુઃખ, કલેશ તથા સંતાપ આપનારી થાય છે.

ઇચ્છિત વસ્તુ મેળવ્યા સિવાય પણ માનવી સંકલ્પ માત્રથી વસ્તુપ્રાપ્તિ માની સંતોષ ધારણ કરી શકે છે અને એટલા માટે જ શાંતિથી જીવી શકે છે. સંસારમાં પુન્યની ઓછાસવાળા માનવીઓના જીવન એવી જ રીતે પસાર થાય છે.

માનવી તુચ્છ સ્વાર્થ માટે સમતા-સભ્યતા-નમ્રતા આદિ ગુણોનો દેખાવ કરે છે તેટલો આત્મહિત માટે આદર કરે તો સાચી રીતે આત્મિક ગુણો મેળવીને સારો આત્મવિકાસ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાર્થી દુનીયામાં ભલું કહેવડાવવાની ભાવના ન હોય તો કોઇ કોઈનું ભલું કરે નહિ.

નિર્દોષ કોઇનો પણ દોષ કાઢે નહિં અને પરનો દોષ કાઢનાર નિર્દોષ હોઇ શકે નહિં.

પોતાની સ્વાર્થસિદ્ધિમાં આડા આવનારને જનતામાં હલકો પાડવા દ્વેષબુદ્ધિથી તેના છતા-અછતા દોષો કહી દેખાડવા તે દુષ્ટ બુદ્ધિનું પરિણામ છે.

અણગમો કે ઇર્ષ્યા આદિના કારણથી જનતામાં બીજાને હલકો પાડવા પ્રયત્ન કરનાર પોતે જ હલકો પડે છે.

પરનું હિતાહિત ચિંતવવાથી ભાવનાનુસાર ફળ મળે છે, પણ પરવસ્તુના ભોગોપભોગનો સંકલ્પ માત્ર કરવાથી તે પ્રાપ્ત થતું નથી.

માનવીને શરીર-ઘર-વસ્ત્ર આદિની શુદ્ધિ ગમે છે પણ આત્મશુદ્ધિ ગમતી નથી એ જ તેની અજ્ઞાનતા છે.

સ્નેહ કે લાગણી સિવાય દુઃખના અનુભવથી બીજાના દુઃખથી દુઃખી થઈને તેની સારસંભાળ લેવી તે ડહાપણ કહેવાય છે.

સુધારક બનવાની ઇચ્છા થવી તે સારી વાત છે, પણ શું સુધારવું છે તે પ્રથમ જાણી લઇને તેનો અભ્યાસ કરી પોતે તે પ્રમાણે સુધર્યા પછી જ બીજાને સુધારવાનો પ્રયાસ કરવો; નહિં તો ડાહ્યા માણસોમાં હાંસીનું પાત્ર બનશો.

સાચી નિષ્ઠાથી લોકહિતનું કાર્ય કરશો તો કદાચ લોક બદલો નહિં આપે તો યે કુદરત તો અવશ્ય બદલો આપશે જ; માટે બદલાની આશા રાખ્યા વગર જ લોકહિતમાં ઉદારતાથી જીવન વાપરવું. ચિરસ્થાયી સ્વાર્થ સધાતો હોય તો જ માનવ જીવનનો ઉપયોગ કરવો પણ ક્ષણિક સ્વાર્થ માટે જીવનને વેડફી નાંખશો નહિં.

જે કાંઇ પ્રવૃત્તિ કરો તેમાં પરમાર્થને પ્રધાનતા આપશો તો જ કાંઈક સ્વાર્થ સાધી શકશો.

જો તમને મનગમતાં સાધન અને સંયોગ મળ્યા હોય તો ભાન ભુલાવીને બીજાની અવગણના કરતા નહિં; કારણ કે આવતી કાલે જ તમને અણગમતાં સાધન અને સંયોગ આવી મળનાર છે.

જો તમને બધાયનો પ્રેમ જોઇતો હોય તો ગુણ-ગ્રાહી બની બધાને ચાહતાં શીખો.

તમને ગમતું હોય કે અણગમતું હોય, પણ કુદરતે જે કાંઇ આપ્યું હોય તેનો સ્વીકાર કરશો તો આવતી કાલે કુદરત તમને મનગમતાની સગવડતા કરી આપશે.

## सदुपदेश ।

जगमाहीं एसे रहो, ज्यों अंबुज सरमाहिं; रहे नीर के आसरे, पै जल धूवत नाहिं.
दया नम्रता दीनता, छिमा सील संतोष; इनकू लै सुमिरन करे, निश्चे पावे मोख.
चरनदास यों कहत है, सुनियो संत सुजान; मुक्ति मूल आधिनता, नरक मूल अभिमान.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગપ્રધાન જગદ્ગુરૂ વિજયહીરસૂરિજી.

લેખક—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

આ કળિકાળમાં જિનશાસનની પ્રભાવના કરનાર અનેક સૂરીશ્વરો થઇ ગયા છે. જિનેશ્વર પછી ગણધરો, ત્યારપછી આચાર્યપ્રવરોએ ભૂમંડલમાં ધર્મકલ્પવૃક્ષને નવપલ્લવિત રાખ્યું છે તેના મિષ્ટ ફળો ભવ્યાત્માઓને ચખાડ્યા છે. તે સર્વને ભૂરિ ભૂરિ વંદન હો!......

જે પૃથ્વી પવિત્ર મહાપુરુષોના ચરણકમળથી પવિત્ર બનેલી છે તે આર્ય ભૂમિને પણ વંદન હો!......

ભદ્રબાહુસ્વામી, વજ્રસ્વામી, કાલિકાચાર્ય, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રાચાર્ય, બપ્પભટ્ટસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પછી મોગલસત્તાના સમયમાં જૈન ધર્મનો ધ્વજ ફરકાવનાર, શાન્ત, તપસ્વી, પુણ્યવંત, મહાત્મા, વિજયહીરસૂરિજી મહારાજ અવશ્ય સ્મરણીય પુરુષને સ્મૃતિપથમાં લાવવા સહસા પ્રેરણા થાય છે. અનેક અન્યાય, અત્યાચારની આંધી ઘેરાએલી હતી. તેવા સમયે પોતાના તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાનથી દિલ્હીપતિ બાદશાહ અકબરને પ્રતિબોધી છ માસ પર્યન્ત વર્ષભરમાં અમારી ઉદ્‌ઘોષણા કરાવી હતી. બાદશાહના અંતઃકરણમાં કૃપાવેલી ઉત્પન્ન કરી હતી. વિશ્વપ્રેમ શીખવનાર જૈન ધર્મનો સર્વત્ર પ્રચાર કર્યો હતો. સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુભાવ કેળવીને નિજ આત્માનો ઉદ્ધાર સાથે ભવ્યાત્માના આનંદ સુધારવા પ્રયત્ન કર્યો હતો.

તે વખતે જૈન ધર્મમાં ઉત્સાહ અજબ હતો. સર્વત્ર તેની કીર્તિ ગવાતી હતી. ભવ્યાત્માઓના અંતઃકરણમાં નવરંગ લાવનાર પૂજ્ય સૂરીશ્વરનો જ પ્રભાવ છે. અકબર શાહે જગદ્ગુરુના બિરુદથી વર્ણવ્યા, જગતે સદ્‌ભાવથી સત્કાર્યો છતાં અપૂર્વ સમતાભાવ ઝીલી સર્વનું કલ્યાણ કરવાની વૃત્તિ જીવન પર્યન્ત રાખી હતી. અઢી હજાર સાધુ સાધ્વીનો સમુદાય આજ્ઞાધીન હતો. દેવો તેમના કાર્યને મદદ કરતા. તે મહાત્મા ખરેખર પરમાત્મય જીવન બનાવી શકયા. ભવ્યાત્માઓને કલ્પવૃક્ષ સમાન શીતળ છાયા આપનાર એ મહાપુરુષ આજે પણ સ્મૃતિપથ પર દર્શન આપે છે. શિષ્ય સમુદાયને સત્ય શીખવ્યું. કોઇનો પક્ષપાત કર્યા સિવાય કઠોર શબ્દો પણ કહી શકયા. સર્વ ધર્મ, સર્વ ગચ્છો સાથે સમભાવથી રહી, આત્મસાધનામાં જ આત્મોન્નતિ સાધી છે. આર્યભૂમિ, તીર્થભૂમિનું રક્ષણ કરવા તેમના પ્રયત્નો આજે ચમત્કાર દર્શાવે છે. તેમના શિષ્યોએ હજારો ગ્રન્થ લખી સાહિત્યસેવા કરી છે. હિન્દુ સમાજ ઉપર લદાયેલો જજીયાવેરો બંધ કરાવી આખા હિન્દુ સમાજની સેવા કરી છે. સંવત ૧૫૮૩ માં જન્મ લઇ, સંવત ૧૫૯૬ માં દીક્ષા અંગીકાર કરી, સંવત ૧૬૧૦માં આચાર્ય પદવી મેળવી શાસનસેવા તેમજ આત્મસાધના કરી, સંવત ૧૬૫૨ માં ઉના ગામમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમના પટ્ટપ્રભાવક સ્વપરશાસ્ત્રનિષ્ણાત વિજયસેનસૂરિજીએ પણ શાસનની અજોડ સેવા કરી છે.

કોઇપણ જાતના ગચ્છ કદાગ્રહોને સ્થાન અપાયું નથી, શાસ્ત્રથી વિમુખ વર્તાયું નથી, તેથી જ આત્મસાધના સાધનાર સૂરિપુરંદરે જૈન ધ્વજ સર્વત્ર ફરકાવ્યો હતો. તે મહાન **યુગપ્રધાન જગદ્ગુરુ વિજયહીરસૂરીશ્વરજી**ને ભાવથી સાચા હૃદયથી કોટિ કોટિ વંદન હો ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.

(૫૧)

## કઠણ પણ લાભકારક—Hard but paying.

### દુષ્કર પણ કલ્યાણકર.

ઉપોદ્ઘાત—શ્રીયુત જ્યોર્જ એરંડેલ (થિયોસોફિસ્ટ) સાહેબે એકઠા કરેલ Thoughts of the Great નામનું લગભગ ૨૨૨ પૃષ્ઠનું એક પુસ્તક મને લભ્ય થયું. એની પ્રસ્તાવનામાં એમણે મહાપુરુષોનાં વિશિષ્ટ વિચારોનો સંગ્રહ કેટલો લાભ કરનાર થાય છે, જીવન વહનમાં એને કેવી રીતે ઉચ્ચ ગ્રાહી રાખે છે અને નૈતિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ આવાં સુગ્રહિત પુષ્પો કલ્યાણકર નીવડે છે તેના પર નાનો સરખો ઉલ્લેખ કર્યો છે. તેમના મતે દુનિયાના મહાપુરુષોનાં વચનો વાંચવા તે તેમની સાથે જીવવા બરાબર થાય છે અને ખરી મહત્તા કેવી હોય છે, ક્યાં હોય છે, કોને વરેલી હોય છે તે પર વિચાર થાય તો પોતાના જીવનઘડતરમાં બહુ અમૂલ્ય ફાળો આપે છે. જીવનરહસ્ય શોધવા માટે, સાદાઇ અને સ્વચ્છતા સમજવા માટે, ઉચ્ચ સૃષ્ટિમાં વિહાર કરવા માટે આ અમૂલ્ય વારસાઓ સમજવા અને જીવવા જેવા હોય છે. તેમણે સંગ્રહ કરેલા સેંકડો મહાન મૌક્તિકોમાં તેમણે એક સ્થાને ૨૪ સૂત્રો રજૂ કર્યાં છે તેને ગોઠવનાર લેડી ઇલીઝાબેથ કેર્યુ નામની મહાન લેખિકા છે. એ ચોવીશી સૂત્રોની ગોઠવણ મને અવનવી લાગી. 'અમુક કાર્ય કરવું કે જીવન જીવવું એ આકરું કે કઠણ કામ છે, પણ એમ કરવું એ ખૂબ લાભકારક છે, ભારે હિતકારી છે, ખૂબ કલ્યાણકારી છે.' આ પદ્ધતિના સંગ્રહમાં મને ભારે મૌલિકતા લાગી અને ચોવીશે સૂત્રો ખૂબ વિચારણીય, મર્મસ્પર્શી અને હૃદયંગમ લાગ્યાં.

પછી મેં તેના પર ખૂબ વિચાર કર્યો. ચોવીશે વિષયોને પ્રથમ 'વ્યવહાર કૌશલ્ય'માં (નં. ૩૫૧–૩૬૩ સ્થાને) ગોઠવ્યા. તે લેખો લખ્યા પછી તે જ ચોવીશે લેખોને 'વ્યાપાર કૌશલ્ય' માં પણ સુયોગ્ય સ્થાન આપી શકાય તેમ લાગતાં તે પર નં. ૫૧–૬૨ મળીને કુલ ૧૨ લેખ લખ્યા.

ત્યારપછી એ જ લેખ પર વધારે વિચારણા કરતાં એ ચોવીશે લેખોને 'ધર્મ–કૌશલ્ય' માં વધારે મહત્વનું સ્થાન છે, એ ધર્મને બલિષ્ઠ આકારમાં રજૂ કરી આત્મસમર્પણ તરફ ખેંચે તેવા છે, અને સાધ્ય સન્મુખ લાવનાર મુદ્દાઓને આ લેખમાળામાં ખાસ સ્થાન હોવું ઘટે એ દૃષ્ટિએ એ ચોવીશે વિષયોને એક એક જુદા જુદા નંબર તળે મૂકવા માટે કુલ ૨૫ લેખ લખવા ધારણા કરી છે. વ્યવહાર, વ્યાપાર અને ધર્મનો જરા પણ વિરોધ નથી, હોઇ શકે નહિ, પણ આપણા દૃષ્ટિબિન્દુને ફેરવીએ તો મહાન સત્યની તે જુદી જુદી બાજુઓ છે તેમ લાગશે. વ્યવહાર અને વ્યાપારના લેખો યથાસ્થાને પ્રકટ થશે. ધર્મનો વિષય વધારે ઝીણવટથી વિચારવા યોગ્ય છે અને વિચારીને જીવન સાથે વણી દેવા યોગ્ય છે, તેથી એ ચોવીશે વિષયો ૫૨–૭૫ સંખ્યા સુધીમાં લેવાની ધારણાએ આ નવીન પદ્ધતિની લેખમાળા શરૂ કરી છે. એની વ્યવહારુ ઉપયોગિતા વાંચતા જણાઇ આવશે અને અધ્યાત્મ, યોગ અને આંતર જીવની શોધમાં જરૂર મદદ કરશે.

---

**It is sometimes hard,—but it always pays.** [ Thoughts of the Great ( **Arundale** ) ] **p. 46–47**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૫૨ )

## ક્ષમાયાચના-Apology.

**ક્ષમા યાચવી**-કઠણ પણ કલ્યાણકારી છે.

**નં. ૧.** સંસારમાં રખડાવનાર, માણસને જનાવર બનાવનાર, મગજ ઉપરનો કાબૂ ગુમાવનાર ષડ્રિપુ જાણીતા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. જૈન પરિભાષામાં ચાર કષાયો એટલા જ ભયંકર છે અને સંસારનાં મૂળ છે. એ અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભ છે. એમાં ક્રોધ તો માણસને લાલ પીળો બનાવી દે છે, માણસાઇ ગુમાવી દે છે અને બોધ, સમજણ કે ઉપદેશને દૂર હડસેલી મૂકે છે. એને અંગારા મળે એમ એ વધતો જાય છે અને પ્રથમ તે કરનારને સળગાવી મૂકી પોતાની અસર ચારે તરફના વાતાવરણમાં ફેલાવે છે. ગમે તેવા તપસ્વી, ત્યાગી કે વૈરાગીનો ક્રોધ હોય તો તે પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે, પોતાની જાતને ભુલાવી દે છે અને પોતે અહીં થોડાં વર્ષનો મેમાન છે એ વાતને પણ વિસરાવી દે છે. આવા પ્રકારના ક્રોધ પર સંયમ રાખવાનું શસ્ત્ર 'ક્ષમા' છે. ક્ષમા જેના દિલમાં વસે છે તેને પોતાની જાત પર સંયમ આવે છે, કાબૂ આવે છે, વાણી અને વર્તન પર અંકુશ આવે છે અને એના જીવન તરફના ખ્યાલ વિવેકસરના, આડંબર વગરના અને રીતસરના બંધાઇ જાય છે.

'ક્ષમા' એટલે અહિંસક ભાવનું પોષણ. ક્રોધ હિંસામાંથી જન્મે છે, ત્યારે ક્ષમા અહિંસામાંથી જન્મે છે. પ્રાણી જ્યારે પોતાની જાતનો વિચાર કરે, પોતાનું સ્થાન લક્ષ્યમાં રાખે, પોતાનું અહીંનું વસવાટ સ્થાન અને તેનો સમય વિચારે ત્યારે તે વિચારમાં પડી જાય છે. ઘડી બે ઘડી માટે ગાંડા ગદોડવા, કોઇ પર ગુસ્સો કરી ધમપછાડા કરવા અને એલફેલ બોલવું એ સમજુને ન છાજે. એ તો સામાની સ્થિતિ પર દયા કરે, એના રખડપાટા માટે ખેદ કરે અને ક્ષમા કરવામાં પોતે કાંઇ ખોવાનો નથી એ વિચારે ઠંડો પડી જાય. ક્ષમા નબળા માણસથી ન થાય, એ તો ખરા વીરપુરુષને જ વરે. એને ક્ષમા કરવામાં કર્તવ્યનિષ્ઠા લાગે, એને ક્ષમા કરવામાં ગૌરવ લાગે અને એને ક્ષમા કરવામાં શૂરવીરનો પાસ લાગે. ક્ષમા એ કાચાપોચાનું કામ નથી, નબળા સબળાનો વિલાસ નથી, પાકા રસિયા સંસારીનું વહેન નથી.

પણ કોઇ ગુન્હેગારને, આડું બોલનારને, નુકસાન કરનારને, ગાળ આપનારને કે હુમલો કરનાર કે ખોટા આક્ષેપ કે બદનક્ષી કરનારને ક્ષમા આપવી એ કઠણ વાત છે, આકરી બાબત છે, મન પર અસાધારણ કાબૂ દાખવનાર હકીકત છે. મારમાર કરતો સામેથી માણસ આવતો હોય, તેને મારી હઠાવવાની પોતાની તાકાત હોય અને છતાં હાથ ન ઉગામવો, પણ સામા બે હાથ ધરી એને માફી બક્ષવી અથવા ઊલટી તેની માફી માગવી એ ભારે આકરી બાબત છે. પણ આકરી છે એટલે જ એનો મહિમા છે. ડંખનાર ભયંકર ચંડકૌશિકને ક્ષમા આપનાર, તેને ઠપકારવાને બદલે ઉપદેશ આપનાર અને તેને ઠેકાણે લાવનાર વીરલા તો કોઈ **વીર** જ હોય, પણ એનું અનુકરણ કરી ક્ષમા આપનાર કે ઊલટી માફી માગનાર તો જવલ્લે જ હોય છે. એવા ક્ષમા કરનાર કે માગનારને ભવસમુદ્ર તરવો સહેલો પડે છે. એનો વિકાસ સત્વર થાય છે અને એ સાધ્યને રસ્તે છે એમ દેખાય છે.

**મૌક્તિક**

No 1. It's difficult to apologise, but it always pays. ( Thoughts of the Great. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉપપત્તિ.

લેખક–સન્માર્ગઇચ્છક.

( પુ. ૪૫, અંક ૧૨ મો, પૃષ્ઠ ૨૩૫ થી શરૂ )

**બીજો** પક્ષ યાને સમુદ્રના એક બિન્દુને સમુદ્ર માનતાં નથી એ પ્રકારે કહેવામાં તો જેવી રીતે સમુદ્રનો એક બિન્દુ અસમુદ્રરૂપ મનાશે તેવી જ રીતે દરેક બિન્દુઓ અસમુદ્રરૂપ માનવા પડશે. આ પ્રકારે તો સમુદ્રનો વ્યવહાર જ જગતમાંથી ઊડી જવાનો.

અતએવ સમુદ્રનો એક બિન્દુ સમુદ્રરૂપ નથી તથા અસમુદ્રરૂપ પણ નથી, કિન્તુ બિન્દુરૂપ છે. તેમજ સમ્યગ્ એકાન્તરૂપ નય પણ પ્રમાણરૂપ નથી તથા અપ્રમાણરૂપ પણ નથી કિન્તુ નયરૂપ પદાર્થાન્તર છે. અર્થાત્ સમુદ્રનાં એક છાંટાને જેમ બિન્દુ તરીકે લોકમાં માનવામાં આવે છે તેમ પ્રમાણ વિષયીભૂત અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મને પ્રતિપાદન કરવાવાળા અને બીજાઓમાં ઉદાસીનતા ધારણ કરવાવાળા પદાર્થને નયરૂપે ઓળખવામાં આવે છે.

હવે તે જ નય તથા પ્રમાણને લઇને અનેકાન્તમાં સપ્તભંગી ઘટાવીએ.

‘**एकान्तः स्यादस्त्येव**’ આ વાકયથી સમ્યગ્ એકાન્ત સ્વરૂપ નયની અંદર પ્રધાનરૂપે સત્તાને સ્થાન આપવામાં આવે છે અને ગૌણરૂપે અસત્તાને માન આપવામાં આવે છે.

‘**एकान्तः स्यान्नास्त्येव**’ આ વાકયથી એકાન્તના નિષેધપૂર્વક અનેકાન્તને પ્રધાનરૂપે માનવામાં આવે છે અને સાથે એકાન્તને ગૌણરૂપે માનવામાં આવે છે.

‘**एकान्तः स्यादस्त्येव स्यान्नास्त्येव**’ આ વાકય ક્રમિક પ્રમાણરૂપ અનેકાન્ત તથા નયરૂપ એકાન્તને પ્રતિપાદન કરે છે.

‘**स्यादवक्तव्य एवैकान्तः**’ આવા પ્રકારના ચોથા વાકયથી સહાર્પિત એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને પ્રધાનતાથી એક કાલમાં પ્રતિપાદન કરવાનું સામર્થ્ય ન હોવાને લીધે અવક્તવ્ય શબ્દથી સહાર્પિતરૂપે પ્રતિપાદન કરાય છે.

‘**एकान्तः स्यादस्त्येव स्यादवक्तव्य एव**’ એ પ્રકારનું પાંચમું વાકય, ‘**एकान्तः स्यान्नास्त्येव अवक्तव्य एव**’ એ પ્રકારનું છઠ્ઠું વાકય અને ‘**स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव**’ એ પ્રકારનું સાતમું વાકય એમ ત્રણે વાકય અર્થ સહિત સંક્ષેપે સમજાવવામાં આવે છે.

વસ્તુના એક અંશને લઇને નયના અર્પણથી એકાન્તની સત્તા એક સાથે પ્રમાણ અને નય બન્નેના અર્પણથી પ્રધાનપણે એક કાલમાં એકાન્ત તથા અનેકાન્તને સહાર્પિતરૂપે અવકતવ્ય તરીકે માનવામાં આવે છે એ પાંચમા ભાંગાનો અર્થ છે.

છઠ્ઠા ભાંગાનો અર્થ:—અનેક ધર્મવાળી વસ્તુના આલંબનથી તથા પ્રમાણના અર્પણથી સત્તાનું પ્રતિપાદન કરવાની સાથે પ્રમાણ નયરૂપ ઉભયના અર્પણથી એક કાલમાં પ્રધાનપણે પ્રતિપાદન નહિં થઇ શકવાથી એકાન્ત તથા અનેકાન્ત ઉભયને સહાર્પિતરૂપે અવકતવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દથી વ્યવહાર કરવો એ છઠ્ઠા ભાંગાનો અર્થ છે.

સાતમા ભાંગાનો અર્થઃ–તે જ પૂર્વોકત પદાર્થમાં ક્રમવાળા પ્રમાણ નયના આલંબનથી એકાન્તમાંસત્ત્વ તથા અસત્ત્વ એ બન્નેનું પ્રતિપાદન કરવામાં આવે અને સાથે બીજા અંશમાં એક જ કાલમાં પ્રધાનપણે એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને સહાર્પિતરૂપે અવકતવ્ય શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે એ સાતમા ભાંગાનો અર્થ છે.

આ ઠેકાણે નયના આલંબનથી એકાન્ત સમજવો કેમકે અનેક ધર્મવાળી વસ્તુમાંથી બીજા ધર્મોની ઉદાસીનતાપૂર્વક એક ધર્મદ્વારા વસ્તુનું વિષયપણું છે. તથા પ્રમાણનું આલંબન કરવાથી અનેકાન્ત સમજવો. અનેક ધર્મનું નિશ્ચયાત્મકપણું પ્રમાણમાં હોવાથી બન્ને સમજાશે.

જો કદાપિ અનેકાન્ત જ માત્ર હોવાનું અને સમ્યગ્ નયરૂપ એકાન્ત બિલકુલ નહિ હોવાનું માનવામાં આવે તો સમ્યગ્ નયના અભાવે તેના સમૂહરૂપ અનેકાન્તનો અભાવ થઇ જવાનો. જેમ શાખાઓના સમૂહરૂપ એક અવયવીને વૃક્ષ તરીકે માનવામાં આવે છે પરંતુ જો એમાંની શાખાઓને ન માનીએ તો શાખાસમૂહના અભાવમાં એક અવયવી વૃક્ષનો પણ અભાવ જ થઇ જાય. અને તેથી કરી વૃક્ષના વ્યવહારનો પણ ઉચ્છેદ જ થઇ જાય. આ વાત અનુભવસિદ્ધ જ છે. નયના સમૂહરૂપ એક પ્રમાણરૂપ અવયવીને અનેકાન્ત તરીકે માનવામાં ન આવે તો સાક્ષાત્ કોઇ પણ પ્રકારનો વ્યવહાર બની શકે નહિ, માટે જરૂર નયના સમૂહરૂપ અવયવીને અનેકાન્તરૂપે પદાર્થાન્તર સ્વરૂપ માનવો જોઇએ અને એ સાથે પ્રમાણરૂપ અનેકાન્ત તથા સમ્યગ્ નયરૂપ એકાન્તનો આશ્રય કરીને અનેકાન્ત યાને સ્યાદ્વાદની અંદર પણ સપ્તભંગીનું પ્રતિપાદન કરવું જોઇએ. આવી રીતે માનવાથી કોઇ પણ દોષનો અવકાશ રહેશે નહિ. પ્રત્યુત અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉપપત્તિ પણ સારી રીતે થઇ શકે છે.

આ પ્રકારે શંકારૂપી શલ્યથી નિર્મુકત અને અભેદ્ય વજ્રતુલ્ય અનેકાન્ત સિદ્ધાન્તરૂપી પ્રાકારમાં મિથ્યા અનેકાન્તવાદીઓએ ફેંકેલા લાક્ષામય માયારૂપી ગોળાનો પ્રવેશ કોઇ રીતે કોઇ પણ કાળે થઇ શકે જ નહિં.

( સપ્તભંગી પ્રદીપમાંથી )

## यही दंड बहुत है

एक महात्माको किसीने गाली दी, परंतु उसका कोई उत्तर नहीं दिया और मुसकराते रहे। लोगोंने पूछा कि 'आपने उसको क्यों दंड नहीं दिया'। तब महात्मा बोले कि " भाई, उसके लिये यही दंड बहुत है कि वह गाली देता है। "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્યાગનું સ્વરૂપ.

અનુ–' અભ્યાસી ', બી. એ.

**' ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના. '**

કોઇપણ મનુષ્ય શાંતિ મેળવવા માટે પોતાનાં ઘરબાર, ગામ, સ્વજન, સંબંધીઓ વગેરે છોડીને અજાણ્યા સ્થળે ચાલ્યો જાય એટલા ઉપરથી તેને ત્યાગી કહી શકાય નહિ. એવી રીતે જે માણસ પોતાની જાતને શરીર તથા ઇન્દ્રિયોના સ્થૂલ પદાર્થો તથા સુખદ વિષયોથી અલગ રાખે છે, પરંતુ ચિત્તથી એ પદાર્થો તથા વિવિધ વિષયોનું ચિંતન કર્યા કરે છે તેને પણ ત્યાગનું ફલ મળી શકતું નથી.

જો કોઇ પણ માણસ એકાંત તથા મૌનનો આશ્રય લઈને તપ, સંયમ વગેરે સાધનો દ્વારા કોઇ પ્રકારની શક્તિ અથવા સિદ્ધિ પ્રાપ્ત કરે છે તો તે પણ ત્યાં સુધી ત્યાગી સિદ્ધ નથી થતો જ્યાં સુધી તે પોતાને મળેલી શક્તિદ્વારા બીજાની હિતપ્રદ સેવા કરતાં પોતાની જાતને વહાલી લાગતી વાસનાઓ અથવા કામનાઓની પૂર્તિમાં રસ લેતો હોય છે.

જો કોઇપણ માણસ સ્વાધિકારથી પ્રાપ્ત થયેલી શક્તિદ્વારા બીજાની હિતપ્રદ સેવા કરીને બદલામાં માન, મોટાઇ કે બીજા કોઇ ફળની કામના રાખે છે તો તે ત્યાગના માર્ગથી પતિત થઇ જાય છે.

અવિચારી મનુષ્ય અનેક પ્રકારના નાના મોટા બાહ્ય મનોહર વિલાસોને કારણે કેટલી શક્તિ, કેટલો સમય, કેટલા કેટલા લાભો, સદાચાર અને પવિત્ર ભાવોને નષ્ટ કરી દે છે. આવી દુર્દશાપૂર્ણ મનઃસ્થિતિમાં જે માણસ તે વિલાસોનો ત્યાગ કરે છે તે જ સાવધાન ત્યાગી છે.

સાંસારિક પદાર્થોથી મળનાર વિષયજનિત સુખોની ખાતર જ માણસ સંસારમાં આસક્ત બની રહ્યો છે; એ પ્રકારનાં પરિણામમાં સુખની ઇચ્છાનો જે કોઇ માણસ ત્યાગ કરે છે તે જ શાંતિનો અધિકારી છે, તે જ સાચો ત્યાગી કહેવાય છે.

જે લોકો ભોગાસક્ત તેમજ વિષયજનિત સુખોના રાગી હોય છે તેઓને અનેક લક્ષ્ય હોય છે, પરંતુ જેઓ સાંસારિક ભોગ–સુખથી વિરક્ત હોય છે તેઓનું એક સત્ય લક્ષ્ય હોય છે. સદસદ્વિવેક ન હોવાને કારણે જ વિવિધ કામનાઓની ઉત્પત્તિ થાય છે; કામનાઓ સમસ્ત બંધનો તેમજ દુઃખોનું કારણ છે. કામનાઓથી નિવૃત્તિ સદસદ્વિવેકથી થાય છે અને એની નિવૃત્તિમાં જ સ્થાયી શાંતિનો દરવાજો ઊઘડે છે.

અજ્ઞાનવશાત્ પોતાની કરોડો કામનાઓની પૂર્તિનો કામી મનુષ્ય કામાવર્તમાં ફસાઇને સુખ દુઃખનાં બંધનમાં નાચી રહ્યો છે. વિવેકદષ્ટિ ખૂલતાં જ્યારે તેને ત્યાગનો માર્ગ દેખાય છે ત્યારે તે શાંતિનું દર્શન પામે છે.

કામનાઓની પૂર્તિ કરીને કોઈ માણસ કરોડો વર્ષ જીવતો રહે, કોઈ એટલું પુણ્ય સંચિત કરી લે કે જેથી તે વિપુલ ઐશ્વર્ય, વૈભવ અને અલૌકિક શક્તિઓથી સંપન્ન થઇ જાય તો પણ તેને શાંતિ મળી શકતી નથી. શાંતિનું મૂળ તો ત્યાગ જ છે. સંસારમાં અનેક બુદ્ધિમાન, બળવાન અને ધનવાન મનુષ્યો થઇ ગયા. એ સૌ લોકોએ કામનાઓની પૂર્તિમાં મનવાંછિત સુખ પ્રાપ્ત કર્યું હશે, પરંતુ કોઇને પણ સ્થાયી તુષ્ટિ કે પરમ શાંતિ મળી નથી. એ તુચ્છ બુદ્ધિવાળા પુરુષોની ચેષ્ટાને શું કહેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના.

લેખક—મુનિશ્રી લક્ષ્મીસાગરજી.

આત્મશુદ્ધિ જરૂરી છે. અનેક જ્ઞાની મહાપુરુષોએ તેની શુદ્ધિ કરવા અનેકવિધ સાધનો દર્શાવ્યાં છે તેમાં સબલ સાધન તરીકે **નવપદ**ને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે.

**" યોગ અસંખ્ય છે જિન કહ્યા; નવપદ મુખ્ય તે જાણો રે. "**

એના પવિત્ર આલંબનવડે ધ્યાનની સિદ્ધિ થાય છે. શુભ અને શુદ્ધ ધ્યાન આત્માને શુદ્ધતમ બનાવે છે. નવપદમાં અરિહંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ શાસ્ત્રકારોએ ફરમાવ્યા છે.

**" अरिहं सिद्धायरिया, उवज्झाया साहुणो अ सम्मत्तं ।**
**नाणं चरणं च तवो, इय पय नवगं मुणेयव्वं**
**अरिहाई नवपयाइं, झाईत्ता हियकमलमज्झंमि ॥**

એ નવપદાત્મક સિદ્ધચક્રની આરાધના મયણાસુંદરી અને શ્રીપાલે ભાવપૂર્વક કરી

જેનામાં નથી પુણ્યરૂપી ધન કે નથી પૌરુષ કે નથી પ્રયત્ન; એટલું જ નહિ પણ જેઓ પોતાની ક્ષુદ્ર શક્તિનો ગર્વ કરે છે, કામનાઓની પૂર્તિમાં અસ્તવ્યસ્ત રહે છે અને સત્યાસત્ય, ધર્માધર્મ અથવા કર્તવ્યાકર્તવ્યનો વિચાર નથી કરતા. જેવી રીતે મધમાખીયો મધમાં ચોંટી રહે છે તેવી રીતે માણસ સંસારના વિવિધ વિષયો તથા સ્વનિર્મિત સૃષ્ટિમાં ચોંટયો રહે છે અને જ્યાંસુધી તે તેનો પૂરેપૂરો ત્યાગ નથી કરતો ત્યાંસુધી તે પ્રત્યેક સુખના અંતે દુઃખ જ ભોગવે છે.

સંસારમાં કોઇ વસ્તુને કે કોઇ વ્યકિતને પોતાની માનીને તેનું મનન કરતાં રહેવું તે જ રાગીપણું છે, તેથી કોઇપણ વસ્તુને અથવા બુદ્ધિને પોતાની ન માનવી એ જ ત્યાગીપણું છે. શાંતિ પ્રાપ્ત કરવા માટે જે જાતના ત્યાગની આવશ્યકતા રહેલી છે તે બહારથી નહિ પણ અંદરથી થાય છે. ત્યાગ તો ત્યાંથી થવો જોઇએ જ્યાં રાગ રહેલો છે. માણસ પોતાના મન દ્વારા સુખદ વસ્તુઓ તેમજ વ્યકિતઓનો રાગી બને છે, એટલા માટે મનથી જ ત્યાગની શરૂઆત થવી જોઇએ. ત્યાગની શરૂઆત સૌથી વધારે નજીકની પ્રિય વસ્તુઓ તરફની આસક્તિ અથવા મમતાથી થાય છે અને ત્યાગનો અંત સૌથી પરમ સ્થિતિ પ્રાપ્ત કરવાથી સિદ્ધ થાય છે.

જેનું દિલ સઘળી અવસ્થાઓ ઉપરથી ઊઠી ગયું છે, જેને પોતાનું કહેવા યોગ્ય કોઇ નથી તે જ સાચો ત્યાગી છે. માની લીધેલા સંબંધોથી પોતાની જાતને અલગ કરનાર માણસ જ સ્વસ્થ ત્યાગી છે. સ્વરચિત સીમાઓની અંદર જ સંઘર્ષ છે, અશાંતિ છે; સીમાઓનાં બંધનની બહાર નીકળી જવું એમાં જ સ્થાયી આનંદ અને શાંતિ છે.

**इति शम्.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. શ્રીપાલનું શરીર નયનાભિરામ, દિવ્ય પ્રકાશી ઊઠયું હતું અને અપાર સુખસંપત્તિને પામ્યા હતા. જ્યાં મહાઆપત્તિઓ મળવાની હોય ત્યાં સહજ સંપત્તિની પ્રાપ્તિ થતી. યશ, કીર્તિ સર્વત્ર વિસ્તરી હતી. મનવાંછિત ઇષ્ટ કાર્યોને સફલ બનાવવા દેવો મદદરૂપ બનતા. એ આરાધનાની આશ્વિન અને ચૈત્ર સુદિ ૭ થી શરૂઆત અને પૂર્ણિમાએ પૂર્ણાહુતિ થાય છે. એ આરાધના આચામ્લ તપથી કરવામાં આવે છે. એ તપમાં ૮૧ આયંબિલ કરવામાં આવે છે. સાડાચાર વર્ષે એ તપની પૂર્ણાહુતિ થાય છે. આરાધના કરનાર બે ટંકનું પ્રતિક્રમણ, ત્રિકાલ દેવવંદન બે વાર પડિલેહણ ને બે હજાર જાપ કરે છે. આરાધક ક્ષમાવંત જિતેન્દ્રિય, સ્થિર ચિત્તવાળો હોવો જોઈએ તેને જ આ આરાધના ફળીભૂત થાય છે. એથી વિપરીત ભાવનાવાળાને વિરાધના બને છે, ઇષ્ટ પ્રાપ્તિને બદલે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.

" खंतो दंतो संतो एयस्साराहगो नरो होई ।
जो पुण विवरीयगुणो, एयस्स विराहगो सोउ ॥ "

નવપદનો પાંચ પદમાં પણ સમાવેશ કરવામાં આવે છે. ચાર ગુણો ગુણીમાં પ્રતિષ્ઠિત થાય છે. ગુણ ગુણીમાં શોભે છે. નવકાર મંત્રના જાપથી અનેક ભવી આત્માઓ તર્યા છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વમાં પણ નવપદ સમાય છે. શાસ્ત્રકારો કહે છે કે–નવપદને ત્રણ તત્ત્વમાં સુપ્રતિષ્ઠિત કરી તેને આરાધનાર આત્મા નિર્મળપદને પામે છે. મહાન વિજેતા બની અજિત બને છે.

" धम्मो जिणेहि कहिंओ तत्ततिगाराहणा मणो रम्मो ।
तत्ततिगं पुण भणिअं देवो अगुरु अधम्मो अ ॥
इक्किक्कस्स उ भेया नेया कमसो दुतिन्नि चत्तारि ।
तत्थऽरिहंता सिद्धा दो भेया देवतत्तस्स ॥
आयरिअउवज्झाया सुसाहूणो चेव तिन्नि गुरुभेआ ।
दंसणनाणचरितं तवो अधम्मस्स चउ भेआ
एए नवपयेसु अवरिअं सासणस्स सव्वस्स ।
ताएयाइं पयाइं आराहइ परमभत्तिए "

## પ્રથમ શ્રી અરિહંત પદ.

" અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયે રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્તલાઇ રે.
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. " ૧

અરિહંત પદ શ્વેત વર્ણે છે, બાર ગુણે કરી સહિત છે, પૂજવા યોગ્ય છે, માનવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે. તેવા શ્રી અરિહંત પદને મારી વારંવાર વંદના હોજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સિદ્ધપદ.

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે. વીર૦ ૨

સિદ્ધપદ રક્ત–લાલ વર્ણે છે, આઠ ગુણે કરી વિરાજિત છે. પૂજવા, માનવા, ધ્યાયવવા યોગ્ય છે. તેને વારંવાર વંદના હો.

## આચાર્યપદ.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર૦ ૩

## ઉપાધ્યાયપદ.

તપ સજ્ઝાયે રક્ત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગ ત્રાતા રે. વીર૦ ૪

નીલવર્ણે, પચવીસ ગુણે સહિત, પૂજવા, ધ્યાન કરવા અને માનવા યોગ્ય છે.

## સાધુપદ.

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે? વીર૦ ૫

સત્તાવીશ ગુણે વિરાજિત, શ્યામ વર્ણે છે, પૂજવા, માનવા, ધ્યાન કરવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે. આત્માને હિતકર્તા છે તેવા સાધુમહારાજને વંદના.

## દર્શનપદ.

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે. વીર૦ ૬

સડસઠ ગુણે કરી સહિત, શ્વેત વર્ણે છે. પૂજવા, માનવા, ધારવા યોગ્ય, આદરવા યોગ્ય છે, આત્માને સુખકારી છે. વંદના વારંવાર હો તે પદને.

## જ્ઞાનપદ.

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ તેહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વીર૦ ૭

એકાવન ગુણે કરી સંયુક્ત, શ્વેત વર્ણે છે, પૂજવા, માનવા, ધારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે. તે પદને ક્રોડ ક્રોડ વંદન હો.

## ચારિત્રપદ.

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વીર૦ ૮

સીત્તેર ગુણે વિરાજમાન, શ્વેત વર્ણે છે. એ પૂજ્ય પદને નમન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તપપદ.

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજ ગુણે ભોગે રે. વીર૦ ૯

એ પદ બાર ગુણે કરી સહિત છે. શ્વેત વર્ણે છે. પૂજવા, માનવા ને આદરવા યોગ્ય છે. આત્માને હિત કર્ત્તા તેવા શ્રી તપપદને મારી ક્રોડવાર વંદના હો, નમન હો.

આવી રીતે ધ્યાન કરવાથી, તેમાં તન્મયતા સાધવાથી આત્મા તદ્દસ્વરૂપ બને છે, એ જ પરમ ધ્યેય ધ્યાનરૂપ છે.

આ નવપદમાં જિનશાસનનો સાર આવી જાય છે. સર્વ પૂર્વગત ભાવનું અવતરણ નવપદોમાં છે. આના સિવાય બીજું કોઇ તત્ત્વ નથી, પરમાર્થ નથી. જે કંઇ છે તે નવપદ જ આરાધવા યોગ્ય ધ્યેય છે, જેનું દ્દઢ આલંબન લેવાથી દુઃખપૂર્ણ સંસારમાં ડૂબતા જીવોને ખરેખર સહાયભૂત બને છે, કારણ કે પુષ્ટાવલંબનરૂપ છે, જેમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે. તેથી ભવ્યાત્માઓએ દ્દઢતર આલંબન કરવું ઉચિત છે. એ નવપદનું સવિશેષ સ્વરૂપ ગીતાર્થ ગુરુઓ પાસે સમજી તુચ્છ ફળ-સંસારસુખની અભિલાષા છોડીને નવપદનું સેવન કરવામાં આવે તો સ્વકલ્પકાળમાં અક્ષય નિર્મળ સુખની પ્રાપ્તિ થાય છે. નવપદ અનંત ગુણ નિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે, તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસગ્ગ, તેટલાં જ ખમાસમણાં અને તેટલી જ પ્રદક્ષિણા વિગેરે ક્રિયા-અનુષ્ઠાન સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવા જણાવેલ છે. દરેક દિવસે વિનય, વૈયાવચ્ચ, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ભૂમિશયન, બ્રહ્મચર્યપાલન, ગુરુવંદન, શુદ્ધ શ્રદ્ધા, સાધર્મિક વાત્સલ્યપૂર્વક આરાધના કરનાર આત્મા પરમ મોક્ષને પામે છે. સ્વર્ગના સુખનો પણ ભાગી બને છે. બાહ્ય રીતે સિદ્ધચક્ર યંત્રનું પૂજન પ્રક્ષાલન અષ્ટ પ્રકારી પૂજા વિ. થી રોગ શોક ભય દૂર થાય છે અને સંપદા મળે છે. અભ્યન્તર આરાધનામાં તો હૃદયકમળે અષ્ટકમળ દલની સ્થાપના કરીને તેના મધ્યમાં અરિહંત ભગવંતનું સમુજ્જવલ શ્રેષ્ઠ બિંબ સ્થાપીને ચાર દિશામાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને શ્રેષ્ઠ સાધુને સ્થાપવા. વિદિશાઓમાં ચાર ગુણની સ્થાપના દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની કરવી. એક ચિત્તથી બાહ્ય વ્યાપાર રોકીને નિર્મળ ધ્યાન-જપ કરવાથી કર્મ નિર્જરા થતાં આત્મા સહજાનંદ ચિદ્દરૂપતાને પામે છે. આ ભવમાં બાહ્ય અને અભ્યંતર કરેલી **શ્રી સિદ્ધચક્રની ભવ્ય આરાધના** સુખસંપત્તિને આપે છે, નિરાબાધ જીવન્ બનાવે છે. આવતા જન્મે પણ સુખકારી નીવડે છે. શ્રીપાલના પૂર્વ ભવના આત્મા શ્રીકાંત રાજાએ તથા શ્રીમતીએ સામાન્ય રીતે નવપદની આરાધના વિધિપૂર્વક કરી હતી તેથી શ્રીપાલ અને મયણાસુંદરીને ચાલુ જીવનમાં અપૂર્વ સહાયતા આપી. તેના બળે પુનઃ સિદ્ધચક્રની આરાધના કરી, નિરુપદ્રવી જીવન બનાવી સુખના ભાગી બન્યા. અસાધારણ યશ-કીર્ત્તિને પામ્યા. જીવનમાં ધર્મતત્ત્વ મેળવી અમૃતમય બન્યા. અધૂરા રહેલા સંસ્કારો બીજા જન્મમાં સાધનની સુંદરતા મેળવી, પૂર્ણ રીતે ખીલી આરાધનાથી આત્મા જરૂર સુખી બને છે, કૃતકૃત્ય થાય છે. હરેક વખતે વિધિપૂર્વક ભાવોલ્લાસપૂર્વક આરાધના કરવી એ દરેક ભવિ જીવને યોગ્ય છે, જેથી આત્મા મહાન લાભ મેળવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" एयाइं जे केवि नवपयाइं, आराहयंतिट्ठफलप्पयाइं ।**
**लहंति ते सुक्खपरंपराणं, सिरिपालनरेसरुव्व ॥ "**

ઇષ્ટફળને આપનાર નવપદને જે ભવિ જીવો ભાવથી આરાધે છે, તેઓ શ્રીપાલ નરેન્દ્રની માફક સુખની પરંપરાને અવિચ્છિન્ન રીતે સહજે પામે છે.

શ્રીપાળ અને મયણાસુંદરી સિદ્ધચક્રના શ્રેષ્ઠ સાધનથી નવ જન્મ પછી મોક્ષસુખને મેળવશે. એમની આરાધના નિષ્કામ હતી તેવી સાધના આજે પણ કરવામાં આવે તો તેવો જ પ્રકાશ અને આનંદ મળી શકે. જેવી જેની ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. શ્રેષ્ઠપણું મેળવીને આરાધના કરવામાં આવે તો આરાધક સફળ બને છે. અનંત જન્મનાં પાપોનો પ્રલય કરી આત્મસિદ્ધિ મેળવે છે. નવપદની આરાધના સમાન આ જગમાં કોઇ આરાધના નથી. સર્વ મંત્રોમાં નવકાર સમાન કોઈ મંત્ર નથી. દેવ, ગુરુ, ધર્મ સિવાય કોઇ પરમ તત્ત્વ નથી. મોક્ષસ્થાન સિવાય કોઇ અજેય સ્થાન નથી. જ્યાં જરા, મરણ, રોગ, શોક, પીડા કશુંય નથી, એ સ્થાન નવપદની આરાધનાથી આરાધકને અવશ્ય મળે છે, દેવ-દેવીઓ તેને અણધારી સહાય કરે છે, અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ સાથે નવ નિધાન મળે છે યાવત્ સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. નવપદની આરાધનાપૂર્વક સમભાવે તપ કરનારને નિકાચિત કર્મો બંધાએલાં હોય તે અવશ્ય નાશ પામે છે, " નિકાચિતપણે બાંધીયા હોય તેહ બાળે. " શ્રદ્ધાવંતને તપનું અપૂર્વ ફળ મોક્ષ અને સ્વર્ગ મળે છે. નવપદ અને તેના માહાત્મ્યને પ્રભુ મહાવીરદેવે પ્રકાશ્યો છે. ચાર નિક્ષેપ અને સપ્ત નયપૂર્વક નવપદનું જ્ઞાન મેળવી આરાધના કરી તેમાં તન્મય બનીને સિદ્ધચક્રને આરાધે તો જરૂર સાધક સિદ્ધચક્રરૂપ બને છે.

**एवं चठिए अप्पा-णमेव नवपयमयं वियाणित्ता ।**
**अप्पंमि चेव निच्चं, लीणमणा होह भो भविया ॥**

નવપદનું નિશ્ચય સ્વરૂપ વિચારી હે ભવ્યજનો ! પોતાના આત્માને જ નવપદમય જાણીને પોતાના આત્મસ્વરૂપમાં જ સદા લીન મનવાળા બનો.

---

## ' મહાદેવભાઇની ડાયરી 'માંથી

એક બાળકી પૂછે છે :

' ભૂલની માફી માગતાં તે હોંશ થતી હશે ? શરમ ન લાગે ? છતાં તમે કેમ કહો છો કે શરમ ન લાગવી જોઇએ ? '

બાપુએ લખ્યું :

' ભૂલ નઠારું કામ છે તેથી તેની શરમ. ભૂલની માફી માગવી એ સારું કામ છે, એટલે તેમાં શરમ શેની ? માફી માગવાનો અર્થ ફરી ભૂલ ન કરવાનો નિશ્ચય. એ નિશ્ચય થાય એટલે તેમાં શરમ શાને સારું ? '

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ સાધના.

લેખકઃ—અમરચંદ માવજી શાહ–ભાવનગર

૧ જે પૂર્ણ, શુદ્ધ, નિર્વિકલ્પ, સ્વરૂપ થઇ, આત્મશાંતિમાં સ્વભાવસમાધિમાં સ્થિર થયાં છે, રાગ દ્વેષને જીતીને વીતરાગ સ્વરૂપ થયાં છે, તે પરમાત્મા જિન–અરિહંત સિદ્ધ ભગવંતોનાં શુદ્ધ આત્મ સ્વરૂપમાં ઉપયોગને પ્રવર્તાવી, વૃત્તિઓને ઉપશમાવી, નિજાનંદમય નિજાતમ નિર્મળ જ્યોતિને પ્રગટાવવા આત્માનું અજર અમર સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સાધનાને પંથે પ્રવર્તવાં એ ભગવંતનું આલંબન–આરાધના–વંદના અહોનિશ અંતર્મુખયોગમાં પ્રદિપ્ત રહો.

૨ જે સદ્‌ગુરુ ભગવંતો મિથ્યાત્વ–અવિરતિ–પ્રમાદ–કષાય અને યોગનો જય કરી, સંકલ્પવિકલ્પરૂપ વૈભાવિક વૃત્તિઓને ઉપશમાવી નિર્વિકલ્પ આત્મ–સાધનામાં ઉપયોગપૂર્વક પ્રવર્તન કરી રહ્યાં છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી અલંકૃત થઇ અંતર્મુખયોગને પંથે શુદ્ધ સ્વરૂપને ભજે છે એવાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિ ગુરુવર્યો અમારી સાધનાના પંથમાં આશ્રયરૂપ રહો.

૩ અર્હંત વીતરાગપ્રણીત આગમવાણી એ સત્‌પુરુષોની કૃપાથી અમારાં કર્ણપટ પર થઇ, હૃદયકમળને વિષે પ્રસરી, અંતર આત્મસ્વરૂપ કમળને વિકસ્વર કરતી એ જ્ઞાન પ્રભાયુક્ત વાણી, સ્વરૂપ સાધનાને પંથે સત્‌શ્રુતશાસ્ત્રોરૂપ દીપિકાઓવડે સદાય અમારાં પંથમાં પ્રકાશિત રહો.

૪ હે ભગવતી માતા શાંતિઃ તારી આરાધના, તારી જ સાધના, તનેજ પ્રાપ્ત કરવાં સમ્યગ્‌દૃષ્ટિ સત્પુરુષો પ્રવર્તી રહ્યાં છે. તારી પ્રાપ્તિમાં જ ચિરશાંતિ છે. અસ્થિર ભવસાગરનાં ઝંઝાવાતમાં માતા! તું જ એક સંત હૃદયને શાતા આપનાર છો. તારી ગોદમાં આ તારા બાળને લઇ શાંત કર! શાંત કર!

૫ અનંતકાળથી અવળી સમજણથી, સંસાર ભણી દૃષ્ટિ રાખી, અજ્ઞાનતાથી અવળે પંથે વિચરી, સંસારસાગરમાં પર્યટન કર્યું. અનંત દુઃખ–વેદના–ત્રાસ–સહ્યાં, પરભાવવડે પરતંત્રતાની બેડીઓમાં જકડાઇ, મોહમાં લપટાઇ, ભ્રમણ કર્યું. હવે તેનાથી વિરમી, સમ્યગ્‌દૃષ્ટિ પ્રાપ્ત કરી, સવળે પંથે સાધનાની સડકે સંવર–નિર્જરાનાં પાટા ઉપર આત્માની ગાડી ચલાવી મુક્તિપુરી તરફ પ્રયાણ કરીએ.

૬ નિશ્ચયથી આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, નિર્વિકલ્પ સ્વરૂપ છે. સ્વભાવથી જ્ઞાન ચેતનાનો કર્ત્તા–ભોક્તા છે. વિભાવથી અજ્ઞાન ભાવનો હર્ષ–શોક, રાગ–દ્વેષ, સંકલ્પ–વિકલ્પ આદિ પરભાવોનો કર્ત્તા–ભોક્તા છે. એ વિભાવોનો ત્યાગ સમ્યગ્‌દૃષ્ટિવડે સાધના કરી ત્યાગ કરવાં અને સમ્યગ્‌જ્ઞાન સ્વભાવ પ્રાપ્ત કરી તેમાં સ્થિર થવાનો પુરુષાર્થ ઉપયોગવડે પળે પળે સત્‌પુરુષો કરી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરે છે.

૭ જ્યાં હર્ષ–શોક હોય ત્યાં આત્માનો સહજ આનંદ ન હોય, જ્યાં રાગ–દ્વેષ હોય ત્યાં અભેદ્ય પ્રેમ ન હોય, જ્યાં સંકલ્પ–વિકલ્પ હોય ત્યાં ચિરશાંતિ ન હોય, નિર્વિકલ્પ શાંતિ એ સાધનાની સીધી સડક છે. ઉપશમરૂપ રથમાં બેસી ઉપયોગપૂર્વક ગમન કરતો આત્મા સમ્યક્‌પ્રકાશમાં મુક્તિ પંથને ખૂબ સહેલાઇથી કાપે છે. જ્યાં ભૂલા પડવાનો ભય નથી, સ્વરૂપપ્રાપ્તિનો અચળ નિશ્ચય છે. નિશ્ચિંતતા, નિઃશંકતાપૂર્વક હર્ષ–શોક–રાગ–દ્વેષ, સંકલ્પ–વિકલ્પને ઉપશમાવી. આનંદ, પ્રેમ ને શાંતિનાં ઉપયોગમાં ૐ શાંતિઃને ભજે છે.

૮ હું પૂર્ણ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું, તેમાં મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચળ શ્રદ્ધા છે, તે સ્વરૂપમાં સ્થિર થવું એ મારું પરમ કર્તવ્ય, પરમ ધર્મ છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મારું સાધ્ય છે, અહિંસા, સંયમ, તપ એ મારું સાધન છે, આનંદ, પ્રેમ, શાંતિ એ મારી સાધના છે. ૐ શાંતિઃ એ મારી સિદ્ધિ છે. અવસ્થાએ જ્ઞાનાવરણીયાદિ અષ્ટ કર્મોથી આવરણ પામેલો હું સાધક છું. સત્‌દેવ, ગુરુ, ધર્મનાં સાન્નિધ્યમાં સાધના કરી સાધ્યની સિદ્ધિ કરું.

૯ અધ્યાત્મયોગવડે જીવાજીવ, પુન્ય-પાપ, આશ્રવ-સંવર, નિર્જરા-બંધ-મોક્ષનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી, ભાવનાયોગવડે સ્વભાવ અને વિભાવ-જડ ચેતનાદિ છ દ્રવ્યોનું જ્ઞાન લઈ શુદ્ધ ચેતનની ભાવના ભાવી, ધ્યાનયોગવડે શુભાશુભરૂપ વિભાવોને ઉપશમાવી આત્મામાં ઉપયોગ જોડી, સમતાયોગવડે વિવેકની પ્રજ્ઞાથી જડ-ચેતનનો વિવેક કરી આત્માના શમરસ-ભાવમાં-સમભાવમાં જ્ઞાન ચેતનામાં સ્થિર થઇ, વૃત્તિસંક્ષેપ યોગવડે-સંકલ્પવિકલ્પાદિ **વિભાવિક** વૃત્તિઓનો ક્ષય કરી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત કરવું એજ રાજયોગની **સાધના** છે.

૧૦ મારા અંતર પરિણામો સદાય દ્રવ્યથી-ભાવથી અહિંસામય હો, મારો વચન-મન-કાય યોગ ઉપયોગસહ સંયમયુક્ત હો, પરભાવ-પરદ્રવ્ય પ્રત્યે મારો અનાસક્ત ઉદાસીન ભાવ તપ યુક્ત હો, ઉદાસીન ભાવે ઉપશમપૂર્વક ઉપયોગ જાગ્રત રહો.

૧૧ અહિંસાની પરાકાષ્ઠા વિશુદ્ધ અભેદ્ય પ્રેમ છે. જ્યાં સુધી કિંચિત માત્ર રાગ દશા વર્તશે ત્યાંસુધી અહિંસા ખંડિત રહેશે. જ્યારે સર્વ જીવાત્માઓ સ્વાત્મતુલ્ય ભાસ્યમાન થશે, સ્થૂલ દેહ કે જડ કર્મ ઉપરથી દૃષ્ટિ નીકળી શુદ્ધ આત્મા તરફ દૃષ્ટિ જશે ત્યારે અભેદભાવે પર્યાયિક વિચિત્રતાથી થતો ભેદભાવનો અંત આવશે. અને એ સમભાવ-યોગે વૃત્તિઓનાં વિકલ્પો શમી જતાં આત્મસ્વરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે. આ અભેદ દૃષ્ટિ એ સાધના સિદ્ધિને પ્રાપ્ત કરાવશે.

---

# વર્તમાન સમાચાર.

## શેઠ આણંદજી પુરુષોત્તમદાસ ઔષધાલયની ઉદ્‌ઘાટન વિધિ.

શહેર ભાવનગરના શ્રી સંઘ તરફથી ઉપરોક્ત સંસ્થાની ઉદ્‌ઘાટન ક્રિયા આસો શુ. ૫ ગુરુવારે શ્રી. શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલનાં વરદ હસ્તે શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાના મકાનમાં કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી. છોટાલાલ નાનચંદ તથા શ્રી. ભાઇચંદભાઇ અમરચંદ વકીલના નિવેદન બાદ શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજીએ આ ઔષધાલયનો જૂનો ઇતિહાસ કહ્યો હતો તેમજ હાલમાં શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢીને રૂા. ત્રીસ હજારની રકમ સુપ્રત કરવામાં આવી તેનાથી શેઠ આણંદજી પરશોત્તમ આયુર્વેદિક ઔષધાલય ચલાવવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ વોરા જુઠાભાઇ સાકરચંદ, શ્રી છોટાલાલ ગિરધરલાલ, શ્રી ચંપકલાલ અમીચંદ, માસ્તર શામજીભાઇ હેમચંદ તેમજ શ્રી જીવરાજભાઇ ઓધવજીના પ્રાસંગિક પ્રવચનો થયા હતા. છેવટે શેઠશ્રી ભોગીલાલભાઇએ ઉદ્‌ઘાટન વિધિ કરીને સુંદર પ્રવચન આપેલ બાદ આભારવિધિ થયા પછી મેળાવડો વિસર્જન થયો હતો.

## પૂજ્યપાદ શ્રી વિજયધર્મસૂરિજીની ૨૬ મી સ્વર્ગારોહણ જયંતિ.

ભાદરવા શુ. ૧૪ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના વ્યાખ્યાન હોલમાં શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીના અધ્યક્ષપણા નીચે સ્વ. પૂજ્યપાદ શાસ્ત્રવિશારદ શ્રી. વિજયધર્મસૂરિજીની ૨૬ મી સ્વર્ગવાસ જયંતિ શ્રી વિજયધર્મ પ્રકાશક સભા તથા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના સંયુક્ત આશ્રયે ઊજવવામાં આવી હતી. જે સમયે ભાઇઓ તથા બહેનોની હાજરી સારી સંખ્યામાં હતી. શ્રી. ભાઇચંદભાઇ વકીલ, શ્રી. ફતેહચંદ ઝવેરભાઇ, પં. જગજીવનદાસ પોપટલાલ, માસ્તર શામજીભાઇ હેમચંદ, વકીલ ન્યાલચંદભાઈ, શ્રી. ભીમજીભાઇ સુશીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી તથા પ્રમુખ સ્થાનેથી સ્વ. આચાર્યશ્રીના ગુણાનુવાદ સંબંધમાં પ્રેરણાત્મક પ્રવચનો થયા બાદ શ્રી. કમળાબહેન ઠક્કરે સ્વર્ગસ્થની જીવનગાથા બહુ જ રસદાયક રીતે સંગીતમાં ગૂંથીને વ્યાખ્યાન-રૂપે રજૂ કરી શ્રોતાગણ ઉપર ઊંડી છાપ પાડી હતી.

આ પ્રસંગે જાહેર કરવામાં આવ્યું હતું કે ચાલુ વર્ષનો " શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક " શ્રી. મોતીચંદભાઇ કાપડિયા સૉલીસિટરને તેમના ' **સિદ્ધર્ષિ** ' પુસ્તક માટે અર્પણ કરવાનું સમિતિએ નક્કી કર્યું છે.

### સ્વ. આચાર્ય શ્રી વિજયકમલસૂરિજીની સ્વર્ગારોહણ જયંતિ.

આસો શુદિ ૧૦ મંગળવાર ।। રોજ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિ મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી દર વર્ષ મુજબ મોટા જિનાલયમાં જયંતિ નિમિત્તે શ્રી નવપદજી મહારાજની પૂજા સભા તરફથી ભણાવવામાં આવી હતી. આંગી, રોશની વગેરેથી દેવ, ગુરુભક્તિ કરી સભાસદોએ જયંતિ ઊજવી હતી.

## સ્વીકાર સમાલોચના

**( ૧ ) શ્રી हिन्दी जैन कल्पसूत्रः**–પ્રકાશક શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબ–જાલંધર–શહેર. મૂલ્ય રૂા. ૨–૮–૦ પંજાબ દેશના ઉપકારાર્થે સુપ્રસિદ્ધ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ સાહેબનાં પટ્ટપ્રભાવક પંજાબકેસરી વર્તમાન યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીજીની આજ્ઞાથી તેમનાં વિદ્વાન શિષ્ય શ્રી વિજયલલિતસૂરીજી મહારાજ તથા પન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજે શ્રી પર્યુષણ પર્વમાં ઉપયોગી નીવડે તે માટે શ્રી કલ્પસૂત્રનો હિન્દી અનુવાદ કર્યો છે. અત્રે બિરાજતા આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ તરફથી સભાને ભેટ મળેલ છે.

**(૨) અર્બુદાચલ પ્રદક્ષિણા**:–લેખક, શાન્તમૂર્તિ મુનિરાજશ્રી જયન્તવિજયજી તથા પ્રકાશક, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા. કિંમત. રૂા. ૨–૮–૦ જેમાં આબુની પ્રદક્ષિણાનો નકશો આપવામાં આવ્યો છે તે યાત્રાળુઓ માટે ખાસ ઉપયોગી છે. શ્રી આબુ ગિરિરાજ પર મંત્રીશ્વર વિમળશાહ મહાઅમાત્ય વસ્તુપાલ અને તેજપાળની બંધુ બેલડીએ જૈનોનાં સંસ્કાર ધામ સમા દેવમહાલયો રચી જૈન અને જૈનેતર જગતને શિલ્પકળાથી મુગ્ધ કર્યો છે વિગેરે વર્ણનથી ભરપૂર પુસ્તક છે. પ્રકાશક સંસ્થા તરફથી સભાને ભેટ મળ્યું છે.

**( ૩ ) સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી-લેખ સંગ્રહ ભા. ૮ મો**–પ્રકાશક શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ, મુંબઈ. કિં. રૂા. ૧–૧–૦ પૂજ્ય મહારાજ શ્રી કર્પૂરવિજયજીનાં લેખોનો સંગ્રહ કરી ૮ મો ભાગ પા. ૩૨૦ નો છે. લેખો સ્મરણીય અને મનનીય છે. ધર્મશ્રદ્ધાળુ બંધુઓને ઉપયોગી અને જ્ઞાનપિપાસુઓને જ્ઞાનની તૃષા છિપાવે તેવા લેખોનો સંગ્રહ છે. પ્રકાશક સંસ્થા તરફથી સભાને ભેટ મળેલ છે.

**( ૪ ) શ્રી મોક્ષમાળાઃ**–લેખક શ્રીમદ્ રાજચંદ્ર. પ્રકાશકઃ–સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. અમદાવાદ. કિં. સવારૂપિયો. શ્રીમદ્ રાજચંદ્રજીને જૈન જગત સારી રીતે પિછાને છે. જૈન ધર્મ જૂનો છે. તેના સિદ્ધાંતો વિશિષ્ટ અને ઉચ્ચતર છે તે બતાવવામાં આવ્યુ છે. મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્‌નાં કેટલાંક સ્મરણો લખેલાં તે પણ આપવામાં આવ્યા છે. કુલ ૧૦૮ વિષયો આપવામાં આવ્યા છે. જૈન તેમજ જૈનેતર જગત માટે આ પુસ્તક ખાસ ઉપયોગી અને મનન કરવા લાયક છે. પ્રકાશક સંસ્થા તરફથી સભાને ભેટ મળ્યું છે.

**( ૫ ) જ્ઞાનગીતાઃ**–રચયિતાઃ–અમરચંદ માવજી શાહ–ભાવનગર. જેમાં જ્ઞાનગીતા શતક ઉપરાંત સૌભાગ્ય સૌરભ વગેરે ૩૧ વિવિધ વિષયો પર પદ્યો આપ્યા છે. " જૈન ધર્મી તો તેને કહીએ, જે જીવ દયાવ્રત પાળે રે " એવા પદો જૈન જનતામાં વ્યાપક બને તેવાં છે. મૂલ્ય અમૂલ્ય છે. બે આનાના સ્ટાંપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોકલનારને ઠે.–પાંજરાપોળ ઑફિસ, દાણાપીઠ ભાવનગર–લેખક તરફથી ભેટ મોકલવામાં આવશે. લેખક તરફથી સભાને ભેટ મળી છે.

( ૬ ) **વિચારસમીક્ષાઃ**–લેખક, આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરી મહારાજનાં વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ. પ્રકાશક, કલ્યાણ પ્રકાશન મંદિર–પાલીતાણા. આ પુસ્તિકા "કલ્યાણ માસિક" નાં ગ્રાહકોને ભેટ તરીકે આપવામાં આવી છે. શ્રી દ્રવ્ય-ગુણપર્યાય રાસનો અનુવાદ છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

( ૭ ) **શ્રી જિનેંદ્ર સ્તવનાવલિઃ**–રચયિતા; શ્રી રૂચક. પ્રકાશકઃ–સોમચંદ ડી. શાહ, પાલીતાણા. પ્રકાશક તરફથી સભાને ભેટ મળી છે.

( ૮ ) **જૈન પર્વતિથિનો ઇતિહાસઃ**–લેખક મુનિરાજ શ્રી દર્શનવિજયજી ( ત્રિપુટી ) શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા. ગ્રંથાંક ૩૬ પ્રાપ્તિસ્થાન–ચંદુલાલ લખુભાઇ પારેખ, નાગજી ભૂદરની પોળ, અમદાવાદ. કિં. ૦–૪–૦

( ૯ ) **ચતુર્વિંશતી જિનેન્દ્ર સ્તવનાનિ તથા શ્રી ભાવારિવારણ પાદપૂર્ત્યાદિ સ્તોત્ર સંગ્રહઃ**–સંશોધક, મુનિરાજ શ્રી વિનયસાગરજી. પ્રકાશક, શ્રી હિન્દી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય. કોટા ( રજપુતાના ) પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

( ૧૦ ) શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, પાલીતાણાનો સંવત ૨૦૦૩ ની સાલનો ત્રીશમો વાર્ષિક રિપૉર્ટ સભાને મળ્યો છે. કેળવણીની આ સંસ્થાએ આજસુધીમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સમાજના ચરણે ધર્યા છે, અને કેટલાક ભાગ્યશાળીઓએ ભાગવતી દીક્ષા પણ અંગીકાર કરી છે. વ્યવહારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણી પણ આપવામાં આવે છે. અમે દિનપરદિન આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે અને વિદ્યાર્થીઓમાં ધાર્મિક જ્ઞાનનો વિશેષ પ્રકારે વિકાસ થાય તેમ ઇચ્છીયે છીએ. જૈન સમાજનાં શ્રીમંતો પોતાનો ઉદાર હાથ વધુ લંબાવે અને કાર્યવાહકો સંસ્થાને વિશેષ પ્રગતિશીલ બનાવે તેમ ઇચ્છીયે છીયે.

( ૧૧ ) **મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ.** ( શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો છાયાનુવાદ ) સંપાદકઃ–ગોપાલદાસ જીવાભાઇ પટેલ, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ. પ્રાપ્તિસ્થાન–નવજીવન કાર્યાલય, અમદાવાદ કિં. રૂા. ૩–૦–૦ આવૃત્તિ ત્રીજી. શ્રી મહાવીર પ્રભુએ આપેલ ઉપદેશનું વર્ણન ૩૬ અધ્યયનોરૂપે આપેલું છે જે મુમુક્ષુઓ માટે વાંચવા, વિચારવા અને મનન કરવા યોગ્ય છે. સભાને આ પુસ્તક ભેટ મળ્યું છે.

( ૧૨ ) **શ્રી हैमशब्दानुशासनसुधाः– प्रथमो भागः**–શ્રી નેમિ–લાવણ્યસૂરિ ગ્રન્થમાલા રત્નમ્ ૫ મું. પ્રણેતા, મુનિરાજ શ્રી સુશીલવિજયજી મહારાજ. પ્રકાશક, માસ્તર કુંવરજી દામજી શાહ-પાલીતાણા. મૂલ્ય રૂા. ૫–૪–૦ કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે " સિદ્ધહેમ " વ્યાકરણની રચના કરી છે તે ગ્રંથ અનુપમ અજોડ ગણાય છે. તેનો આ પ્રથમ ભાગ છે. પૂજ્ય મુનિરાજ શ્રી સુશીલવિજયજી મહારાજ તરફથી સભાને ભેટ મળ્યો છે.

(૧૩) **માનવતાનું મૂલઃ**–લેખક તથા સંપાદક પૂ. પં શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ. પ્રકાશક મહેતા કાંતિલાલ રાયચંદભાઇ, સાણંદ, સ્વ. શા હિંમતલાલ દીપચંદનાં સ્મરણાર્થે તેમનાં સુપુત્રો ત્રંબકલાલ આદિ. બે આનાનાં પોસ્ટેજ સ્ટાંપ બીડનારને પ્રકાશક તરફથી ભેટ આપવામાં આવે છે. પ્રસ્તાવનારૂપ પૂર્વકથન મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજે લખી પુસ્તિકાની ઉપયોગિતા દર્શાવી છે. સભાને પ્રકાશક તરફથી ભેટ મળેલ છે.

( ૧૪ ) **સુખનાં સોપાનઃ**–લેખક માવજી દામજી શાહ–મુખ્ય ધર્મશિક્ષક, બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કૂલ મુંબઇ. ૨૮ પાનાની આ પુસ્તિકામાં લેખકે સુખપ્રાપ્તિનાં પગથિયાંમાં વિદ્યા, વિનય, પાત્રતા, ધન, ધર્મ અને સુખ બતાવ્યા છે. કિં. ૦–૮–૦ લેખક તરફથી સભાને ભેટ મળેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં નવું પ્રકાશન.

## ૧ શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના** વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

---

## ૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત શુમારે ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં, બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ ઉપરાંત લગભગ પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક કળાની દૃષ્ટિએ તૈયાર કરાવેલ અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે તૈયાર થાય છે.

---

## ૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

### શ્રી માણિક્યદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજ્યનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

For Private And Personal Use Only

Reg. No. B. 314

( યોજનામાં )

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૨ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર અને ૩ કથારત્નકોષ ભાષાંતરો થાય છે. નં. ૧-૨-૩ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

---

## દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દસ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂલ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મસ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાના મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩-૦-૦

---

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રકાશનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

SAVING ... BULLETIN ... M.

---

### નમ્ર નિવેદન

સુદર્શના ચરિત્ર—ભેટ આપવા માટે ગયા અંકમાં જાહેર કરવામાં આવ્યું છે, પરંતુ તેનો ત્રીજો ભાગ બન્ને ભાગની સાથે જ ભેટ આપવાનું નક્કી થવાથી માગસર માસમાં અહિંથી રવાના થઇ શકશે. મંગાવનાર સજ્જનોએ ત્યાં સુધી ધીરજ રાખવા વિનતિ છે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.